## પરીક્ષા માળખું

## જુનિયર ક્લાર્ક બિન શૈક્ષણિક વર્ગ -૩

## તબક્કો -૧ પ્રિલિમિનરી પરીક્ષા માટેનું માળખું

ભાગ-૧. પ્રિલિમિનરી પરીક્ષા માટેનો અભ્યાસક્રમ   સમય:૬૦ મિનિટ   ૧૦૦ ગુણ

| | | |
|---|---|---|
| ૧ | તાર્કિક અભિયોગ્યતા (Reasoning) | ૪૦ ગુણ |
| ૨ | સાંખ્યિકવલણ (Quantitive Aptitude) | ૩૦ ગુણ |
| ૩ | અંગ્રેજી (English) | ૧૫ ગુણ |
| ૪ | ગુજરાતી | ૧૫ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

૧. હેતુલક્ષી (વૈકલ્પિક ) પ્રકારની લેખિત કસોટીમાં,બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ) નો સમાવેશ થશે.

૨. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૩. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫. દરેક પ્રશ્નમાં પ્રયાસ નહીં કરેલ (નોન એટેમ્ટેડ) નો એક વિકલ્પ રહેશે.ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહીં.

૬. અશક્ત (દિવ્યાંગ) વર્ગ સાથે સંબંધિત હોય તેવા ઉમેદવારોને લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો વધારાનો સમય આપી શકાશે.

૭.ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૮. પ્રાથમિક કસોટી ફક્ત સ્કીનિંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

૯. પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ઘણા (૧:૭) ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

૧૦. મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષ છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

SHETH H. P. ARTS & T.S.M. COMMERCE COLLEGE TALOD

## તબક્કો -૨ મુખ્ય પરીક્ષા માટેનું માળખું

ભાગ-૨. મુખ્ય પરીક્ષા માટેનો અભ્યાસક્રમ     સમય:૧૨૦ મિનિટ     ૨૦૦ ગુણ

| | | |
|---|---|---|
| ૧ | અંગ્રેજી (English) | ૨૦ ગુણ |
| ૨ | ગુજરાતી | ૨૦ ગુણ |
| ૩ | રાજ્યશાસ્ત્ર/જાહેર વહીવટ /આરટીઆઈ (માહિતીનો અધિકાર અધિનિયમ ૨૦૦૫/સીપીએસ/પીસીએ (PoliticsmPublic Administration/RTI/CPS/PCA) | ૩૦ ગુણ |
| ૪ | ઈતિહાસ,ભૂગોળ,સાંસ્કુતિક વારસો (History,Geography,Culture Heritage) | ૩૦ ગુણ |
| ૫ | અર્થશાસ્ત્ર,પર્યાવરણ,વિજ્ઞાન અને ટેકનોલોજી Economics,Environment,Science & Technology) | ૩૦ ગુણ |
| ૬ | વર્તમાન બાબતો અને રીઝનિંગ સાથે વર્તમાન બાબતો Current Affairs & Current Affairs with Reasoning) | ૩૦ ગુણ |
| ૭ | તાર્કિક અભિયોગ્યતા Reasoning | ૪૦ ગુણ |
| | કુલ ... | ૨૦૦ ગુણ |

૧. હેતુલક્ષી પ્રકારની મુખ્ય પરીક્ષામાં બહુવિધ વિકલ્પવાળા (મલ્ટીપલ ચોઈસ) પ્રશ્નોનો સમાવેશ થશે.

૨. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૩. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫. દરેક પ્રશ્નમાં,"પ્રયાસ નહીં કરેલ (નોટ એટેમ્પ્ટેડ)" નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય,તો તે/તેણી આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે,તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહીં.

૬. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય,તો પછી તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૭. અશક્ત (દિવ્યાંગ) વર્ગના હોય તેવા ઉમેદવારોને પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો લાગું પડતો હોય તેટલો વધારાનો સમય આપી શકાશે.

લઘુત્તમ લાયકી ધોરણ:

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦% માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦% માર્કસ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

SHETH H. P. ARTS & T.S.M. COMMERCE COLLEGE TALOD